# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા-૨/૧૯-૨૦/૬૧૩૨–૩** **તા.૧૧–૦૯–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૪/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **ગોવિંદભાઈ સામતભાઈ ચાવડા** ગામ: **ખંભાલીઆ**

રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે અરુણભાઈ વિ. ત્રિવેદી હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **આર.વી.સોમાણી**, પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા** અને જી.જી. પટેલ નાયબ ઈજનેર (ટેક), પીજીવીસીએલ, વર્તુળ કચેરી – જામનગર

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી

તારીખ: ૦૪-૦૯-૨૦૧૯ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૪-૦૯-૨૦૧૯ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ગોવિંદ સામતભાઈ ચાવડા ગામ -ખંભાલીઆ, તેઓની અરજીના નોંધણી નં: ૧૪/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓએ તા.૧૦–૦૫–૧૯ થી નાના આસોટા ગામ ની ગ્રામ પંચાયત ની હદમાં – જુના સર્વે નંબર: ૧૮૯ / પૈકી ૧ / પૈકી ૧, નવા સર્વે નંબર: ૫૬૮ માં ઓર્દ્યોગીક હેતુ નુ ૧૦૦ કીવો નુ વીજજોડાણ મેળવવા માટે પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી માં અરજી કરેલ છે. જેનુ અંદાજપત્રક તેઓને આજદિન સુધી અપાયેલ નથી. તેઓએ રૂબરૂ ઓફિસમાં તપાસ કરતા – જણાયેલ કે – સદર વીજજોડાણ માટેનો તમામ ખર્ચ તેઓએ ભોગવવાનો થાય છે, તેમ વર્તુળ કચેરી નુ ઓબ્જેકશન છે., તેઓએ સદર સર્વે નંબર ઓર્દ્યોગીક હેતુ માટે બીન ખેતી કરાવેલ છે. ઉર્જા પેટ્રોકેમીકલ ના ઠરાવ ક્રમાંક જીયુવી – ૨૦૧૬ – ૩૮૮૫ – ક(૧) તા.૨૪–૦૧–૧૭ ના પારા નં.–(૪) મુજબ – ખેતીવાડી વિષયક હેતુ માટે ની જમીન માં ઓર્દ્યોગીક વીજજોડાણ માટે માળખાકીય સુવિધાને લગતો ખર્ચ અરજદાર પાસેથી વસુલ કરવાની જોગવાઈ છે. પરંતુ, સદર કેઈસ મા – સર્વે નંબર બિન ખેતી થયેલ હોય – નામદાર જીઈઆરસી ના નિયમ મુજબ –ફીક્સ ચાર્જ આધારીત ભાવપત્રક આપવુ જોઈએ. જેથી, પીજીવીસીએલ દ્વારા માળખાકીય સુવિધાને લગતો ખર્ચ ભરપાઈ કરવાની ફરજ પાડી ન શકાય. અને વધુમાં નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૧૦/૨૦૦૫ મુજબ દિવસ–૧૦માં ભાવપત્રક આપવુ જોઈએ, પરંતુ ભાવપત્રક આપવામા વિલંબ થયેલ હોય,મુદદા નં.

૧૪.૧(૧) મા કરાયેલ જોગવાઈ મુજબ – વિલંબ અંગે નુ વળતર રૂ.૫૦/– પ્રતિ દિવસ આપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **અરજદાર ગોવિંદ સામત ચાવડા રે. નાના આસોટાં એ ગ્રામ પંચાયત ની હદમાં સર્વે નંબર (ઓદ્યોગિક હેતુ માટે બિન ખેતી થયેલ છે) ૫૬૮ (જૂના ૧૮૯/પૈકી1/પૈકી1) માં ઓદ્યોગિક હેતુ નું ૧૦૦ કી.વો. નું વીજ જોડાણ માટે વડતરા સબ ડિવિઝન માં રૂપિયા 400/- રસીદ નંબર ૩૯૧૮૦૩ તારીખ ૧૦.૦૫.૨૦૧૯ ના રોજ ભરપાઈ કરી અરજી કરેલ છે. એસ આર નંબર ૧૧૯૧૩૮૩૪ છે. આ એસ આર નંબરની તાંત્રિક મંજૂરી વિભાગીય કચેરીએ થી મંજૂર કરી વર્કફ્લો માં વર્તુળ કચેરીએ જામનગર ને રજૂ કરતાં આ એસ આર વાંધા સાથે પરત કરેલ અને જણાવેલ કે આ અરજદાર ને ગામતળ બહાર વીજ જોડાણ આપવાનું હોય પૂરેપૂરો માળખાકીય ખર્ચ અરજદાર પાસેથી વસૂલ કરવાનો થાય છે અને તે દરમિયાન અરજદાર દ્વારા સ્થાનિક કચેરી એ આ વીજ જોડાણ બાબતે રૂબરૂ તપાસ કરતાં અરજદાર ને સદર માહિતી મૌખિક આપેલ છે.**

૩.૧ **સદર કેસ ફાઇલ વર્તુળ કચેરી ને પ્રિ ઓડિટ માટે રજૂ કરતાં તારીખ ૨૩.૦૮.૨૦૧૯ થી પત્ર નંબર પીજીવીસીએલ/ટેક-૧/૧૧૯૬ તારીખ ૦૩.૦૨.૨૦૧૭ ના ક્લોજ નંબર ૪ મુજબ મંજૂરી આપેલ છે. .**

**વડતરા સબ ડિવિજન ના પત્ર નંબર વીએસડી/ટેક/ 10242 તારીખ 30.08.2019 મુજબ હાલના પત્ર નંબર પીજીવીસીએલ/ટેક-૧/૬૪૫૭ તારીખ ૨૬.૦૭.૨૦૧૯ મુજબ સદર જોડાણ માટે થતો માળખાકીય ખર્ચ અરજદાર પાસેથી વસૂલવાનો થતો હોય તેમજ વર્તુળ કચેરી દ્વારા પણ આ બાબતે અત્રેની કચેરી ને જાણ કરેલ હોય તે મુજબ અરજદાર ને અંદાજપત્રક પાઠવવામા આવશે .**

**વધુમાં આ પ્રકાર ના માગેલ જોડાણમા વર્તુળ કચેરી જામનગર દ્વારા યોગી કૃપા મિનરલ્સ ની અરજી ના અનુસંધાને પત્ર નંબર જેસીઓ/ટેક-2/૭૨૮૫ તારીખ ૦૩.૦૮.૨૦૧૯ થી જામજોધપુર વિભાગીય કચેરી ને ઉદેશી ને લખેલ પત્ર ની નકલ રજુ કરેલ છે.**

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **અરજદાર શ્રી** **ગોવિંદભાઈ સામતભાઈ ચાવડા દ્વારા નાના આસોટાં ગ્રામ પંચાયત ની હદમાં સર્વે નંબર (ઓદ્યોગિક હેતુ માટે બિન ખેતી થયેલ છે) ૫૬૮ (જૂના ૧૮૯/પૈકી1/પૈકી1) માં ઓદ્યોગિક હેતુ નું ૧૦૦ કી.વો. નું વીજ જોડાણ મેળવવા માટે વડતરા સબ ડિવિઝનમાં રૂપિયા 400/- રસીદ નંબર ૩૯૧૮૦૩ તારીખ ૧૦.૦૫.૨૦૧૯ ના રોજ ભરપાઈ કરી અરજી કરેલ છે.**

૪.૨ ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ સાઈટ સર્વે મુજબ – આસોટા જેજીવાય ફીડર માથી ૦.૮ કીમી – એચટીએબી કેબલ પ્રપોઝ કરાયેલ છે, જેમા જાકસીયા એજી ફીડર નુ એક ક્રોસીંગ આવેલ છે. તેમજ, સદર પ્રપોઝલ ની મંજુરી માટે પેટા વિભાગીય કચેરી વડત્રા દ્વારા – ઇ–ઉર્જા સીસ્ટમમાં તા.૩૧–૦૫–૧૯ થી મંજુરી અર્થે પ્રોસેસ કરેલ, જેમાં રીવાઇઝ ભાવપત્રક આપવાના અનુસંધાને– તા.૦૯–૦૭–૧૯ થી વર્તુળ કચેરી જામનગર દ્રારા નામંજુર કરાયેલ. ત્યારબાદ, વિભાગીય કચેરી ના પત્ર તા.૩૧–૦૭–૧૯ અન્વયે – વર્તુળ કચેરી જામનગર દ્રારા – એડમીનીસ્ટ્રેટીવ મંજુરી તા.૨૩–૦૮–૧૯ થી નીચે મુજબ અપાયેલ છે.
(૧) ચાવડા ગોવિંદ સામતભાઈ, ગામ – નાના આસોટા, પેટા વિભાગીય કચેરી વડત્રા, ૧૦૦ કીલોવોટ,એચટીલાઈન ૦.૮૦૦ કીમી, ૨૦૦ કેવીએ – ૧ નંગ ટ્રાન્સફોર્મર, ભાવપત્રક ની રકમ રૂ.૧૩,૫૨,૧૧૪/–. સદર મંજુરીના પત્ર માં વીજભાર વધારા ની ઈ–ઉર્જા સીસ્ટમમાં તાત્કાલીક – એસ.આર. બનાવવાની સુચના અપાયેલ છે. પરંતુ, સદર બાબતે – વિભાગીય કચેરી / પેટા વિભાગીય કચેરી

દ્વારા અરજદાર ને ભાવપત્રક આપવા બાબતે ની કોઈ કાર્યવાહી કરાયેલ હોય – તેના આધાર–પુરાવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૩–૦૯–૧૯ થી જણાવ્યા મુજબ – ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજજોડાણ આપવા અંગે ના પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૨/આરએનઆર/૨૭૧૯, તા.૩૦–૦૧–૧૭ મા કરાયેલ જોગવાઈ મુજબ, તેમજ પીજીવીસીએલ ની નિગમીત કચેરી ના પત્ર નં. – પીજીવીસીએલ / ટેક–૧ /૬૧૮૮ તા.૨૨–૦૭–૧૯ અને તા.૨૬–૦૭–૧૯ મુજબ '' There is guide line for recovering of fix cost from applicant out side Gamtal in the amendment by GUVNL/T-2/1085 Dtd: 01-09-17. While in circular of Gamtal, . GUVNL/T-2/RNR/2719 Dtd: 30-01-17& 2721 dt.31.01.2017, connection out side Gamtal area in Non-Ag line, is to be released by extending network with AB Cable only, and cost to be recovered from such consumer / applicant. '' સદર ગાઈડ લાઈન મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ગામતળ બહાર વીજજોડાણ આપવાનુ હોય, જે માટે થતો માળખાકીય ખર્ચ અરજદાર પાસેથી વસુલવાનો થતો હોય, તે મુજબ નુ ભાવપત્રક અરજદારને પાઠવવામા આવશે.

૪.૪ As per GERC Regulation Notification No. 10 of 2005. CHAPTER IX - RELEASE OF NEW ELECTRIC CONNECTION, the detailed procedure and rules for processing applications for electricity supply are given in the Supply Code. As per Clause No. (9.3) - the time limits for electricity supply following an application are contained in section 43 of the Electricity Act, 2003. Bulk Power connections are to be released, in time bound manner as detailed below:

| ITEM/ACTITIVITY | TIME LIMIT (Within) |
|---|---|
| **Loads up to 100 kVA /100 kW** | |
| Issue of Demand Notice | Within 10 days of receipt of application. |

The above time limit for release of connection after receipt of demand note amount will be subject to the condition that connection is technically feasible and will meet with safety requirements.

૪.૫ ઉપરોક્ત પેરા ન.૪.૨ માં જણાવ્યા મુજબ સામાવાળા દ્વારા અરજદારનું વીજ જોડાણ –૧૧ કેવી આસોટા જેજીવાય ફીડર પરથી આપવા માટે સલામતીને ધ્યાને રાખીને ૦.૮૦૦ કિમિ HT AB CABLE નો ઉપયોગ કરીને દરખાસ્ત સક્ષમ અધિકારી દ્વારા મંજુર કરવામાં આવેલ છે. સદર બાબતે સામાવાળા દ્વારા ફરિયાદી અરજદારની રજુઆતના અનુસંધાને HT AB CABLE ની કોસ્ટ bare conductor ની કોસ્ટ કરતા ખુબજ વધારે હોઈ સામાવાળા દ્વારા GUVNL ને લખેલ ના પત્ર નં ૬૧૯૮ તા. ૨૨.૦૭.૧૯ મુજબ યોગ્ય જણાય છે. જેથી બીનખેતી કરાવેલ જમીનમાં ફીકસચાર્જ મુજબ – ભાવપત્રક આપવા અંગેની અરજદારની રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય નહિ.

૪.૬ અરજદાર ની રજુઆત મુજબ – અરજદાર ના નવા વીજજોડાણ માટે અરજદારની નોંધણી તા.૧૦–૦૫–૧૯ ના રોજ થયેલ છે, તેમ છતા – અરજદાર ને ભાવપત્રક પીજીવીસીએલ દ્વારા અપાયેલ નથી, જેથી ઉપરોક્ત બાબતે – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૧૦/૨૦૦૫ ના મુદ્દા નં. ૧૪.૧(૧) મા કરાયેલ જોગવાઈ મુજબ – વિલંબ અંગે નુ વળતર રૂ.૫૦/– પ્રતિ દિવસ ની માંગણી હોય, જે અન્વયે ફોરમ કમિટી દ્વારા કરાયેલ નિર્ણય મુજબ – અરજદાર ની અરજી ની નોંધણી ના દિન–૧૦ બાદ થી ભાવપત્રક આપેલ તારીખ સુધી પ્રતિદીન વિલંબ અંગે નુ વળતર રૂ.૫૦/– પ્રતિ દિવસ અરજદાર ને ચુકવવા સામાવાળા ને સુચના આપવામા આવે છે. તેમજ, અરજદાર ને ભાવપત્રક આપવામા કરાયેલ વિલંબ અન્વયે – જવાબદાર કર્મચારી / અધિકારી સામે શિસ્તભંગની કાર્યવાહી કરવાની સામેવાળા ને સુચના આપવામા આવે છે.

૪.૭ સદર કેઈસ માં ઉપરોક્ત પેરા નં.૪.૫ અને ૪.૬ મુજબ આદેશ આપવામાં આવે છે

૪.૮ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)

સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯